દવાખાને જઈ ચડ્યો

લેખક:
ગિજુભાઈ

[illegible]

પ્રકાશક:
નાનાભાઈ, ગિજુભાઈ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન, ભાવનગર

આવૃત્તિ પહેલી

પ્રત ૧૫૦૦

*

સંવત ૧૯૮૫

ઈ. સ. ૧૯૨૯

: મુદ્રણસ્થાન :
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ
: મુદ્રક :
ગજાનન વિ. પાઠક

દવાખાને જઇ ચડયો:
ભીની આંખે થઇ રહ્યો.

દવાખાને જઇ ચડ્યો: એક બાળક રડતું હતું. કાને પરૂ વહેતું હતું. ચીસેચીસ નાખતું હતું. અર્ધાંગ ગંધાતું હતું. મેલ કાને ભર્યો હતો. અબુજ માતા સાથે હતી. કહેતી હતી: " છોકરો રોયો કટો છે. પછી કાન દુઃખે જ ના ? "

પીળે વાન ને ભૂંડે હાલ:

દવાખાને જઈ ચડયો. બીજું બાળક રડતું હતું. હાથપગ દોરડી ને પેટ ગાગરડી. દાક્તર માને વઢતા હતા. મા જવાબ દેતી હતી: " દાક્તર સા'બ, શું કરીએ ? દિ' બધો ગાટી ખાય છે; સંભાળ કેમ રખાય ? દળણું દળવું, ખાંડવું, ભરડવું, વાળવું ઓળવું, છોકરાં રેઢાં રહે જ તો ? "

બેઠું બેઠું રોતું હતું:

દવાખાને જઈ ચડયો. ત્રીજું બાળક બેઠું હતું. બેઠું બેઠું રડતું હતું. દીસે આખે ગુમડાં હતાં. પાસ

પરૂ જતું હતું. હાથે પગે ખસ હતી. દાકતર બાપને પૂછતા હતાઃ "કેટલા દહાડે ન્હાય છે?" બાપ કહેઃ "લોકનાં છોકરાં નાય વખતે પાંચ પંદર દહાડે, અમે કાંઇ બ્રાહ્મણ વાણિયા થોડા છીએ?" દાક્તર સામે જોઇ રહ્યા.

માથું જૂએ ભર્યું હતુંઃ

ચોથું બાળક આવ્યું હતું. માથું જૂએ ભર્યું હતું. બ્રાહ્મણ કે વાણિયાનું હતું. બા બિચારી કહેવા લાગીઃ "શું કરીએ, છોકરાં ભેગું રમવા ગયું તે જૂઓ લઇને આવ્યું. બા, પાડોશ કાંઇ ગંદો છે! ને છોકરાં કાંઈ ઘરમાં રહે છે?"

હાડ ચામ ચોંટયા હતાઃ

પાંચમું બાળક રડતું હતું. હાડ ચામ ચોંટયા હતા. અડીને રહ્યાં હતાં. બા એની માંદી હતી. ધાવણ એને મળતું નહોતું. શીશી ઉપર નભતું હતું. દાકતરે એને દવા દીધી. વાપરવાની સૂચના કીધી.

દીલે બધે રાતું હતુંઃ

છટ્ઠું બાળક આવ્યું હતું. જન્મનો એને રોગ હતો. દીલે બધે રાતું હતું. દાકતરે બાપને પૂછી લીધુંઃ "આવો આવો રોગ હતો? તમને કે એની માને?" ડોકું હલાવી હા કીધી.

શેરીમાંથી જતો હતો:
અંતર માંહી બળતો હતો.

શેરીમાંથી જતો હતો:

ઘરની સામે બેઠાં બેઠાં નાનાં છોકરાં હગતાં હતાં. માખીઓ બણબણતી હતી. સૌનાં ડીલે બેસતી હતી. છોકરાં વાતો કરતાં હતાં. ગંધ ગળે જતી હતી.

શેરીમાંથી જતો હતો:

છોકરાં ભેળાં રમતાં હતાં. ધૂળ અને પત્થરા મૂકી ઘર ઘર રમતાં હતાં. ખોટું ખોટું રમતાં હતાં. બાપા જેમ વઢતાં હતાં, બા જેમ બાધતાં હતાં.

શેરીમાંથી જતો હતો:

છોકરાં ભેળાં લડતાં હતાં. ભુંડા બોલ બોલતાં હતાં. નાગાં અંગ બતાવતાં હતાં. લોકો ત્યાંથી હસતા હસતા જતા હતા.

શેરીમાંથી જતો હતો:

લખડો છોકરો તોફાની. મા એની બાધકણી. ધા મારી ઘરમાં નાસી ગયો. લખી ખૂબ રડવા લાગી. મા એની કહેવા ગઇ. ગાળો ખાઈ પાછી વળી.

શેરીમાંથી જતો હતો:

આડોશી ને પાડોશી સામસામે બાધતાં હતાં. લાંબા હાથે ગાળાગાળી જોર કરી લડતાં હતાં.

નાહકનાં વઢતાં હતાં. છોકરાં પાસે ઉભાં હતાં. નવા પાઠ શીખતાં હતાં. તાકી તાકી જોતાં હતાં.

શેરીમાંથી જતો હતોઃ

છોકરાં ભેગાં થયાં હતાં. કોડી કોડી રમતાં હતાં. પાઈ પાઇ મૂકતાં હતાં. બાધાબાધી થઈ પડી. ધુસ્તે ધુસ્તે આવી ગયાં. ગાળો દઈ ઘેર ગયાં.

શેરીમાંથી જતો હતોઃ

નવો માણુસ આવ્યો હતો. ઘર કોઇનું પૂછતો હતો. ચસ્મા નાકે, સોટી હાથે ઉભો હતો. હુડીઓ કરી હસતાં હતાં. ખોટું ઘર બતાવતાં હતાં.

શેરીમાંથી જતો હતોઃ

મોટી છોડીઓ રમતી હતી. દેદાની રમતો રમતી હતી. ફૂટવું ફૂટવું શીખતી હતી. ખોટાં મ્હોં વાળતી હતી. સાસુ વહુ થતી હતી.

શેરીમાંથી જતો હતોઃ

નાની છોડીઓ ગાતી હતી. અચકો મચકો કારેલી. હોંશે હોંશે રમતી હતી. લખુડે ને ત્રિકુડે, રમુડે ને રતીએ, દોડાદોડી કરી મૂકી. રંગ માંહી ભંગ પડયો, છોડીઓ બિચારી ઘેર ગઇ.

શેરીમાંથી જતો હતોઃ

કુતરા પાછળ પડયા હતા. ગધેડાને મારતા હતા. અંધાને અટવાતા હતા. પેશાબ જ્યાં ત્યાં કરતા હતા. ગાળો ઘણી સાંભતા'તા.

બારીએ બેસી જોતો હતો:
ઊંડે અંતરે રડતો હતો.

બારીએ બેસી જોતો હતો:

એક છોકરો જતો હતો. ઊંડે અંતર રડતો હતો. પગ ઉઘાડા, ચોરણી ફાટલી, કોટ બુતાન વિનાનો, ટોપી મેલી ને નાકમાં શેડા, હાથમાં સ્લેટ ને ખંભે પાકીટ.

બારીએ બેસી જોતો હતો:

બીજો છોકરો નીકળ્યો. મોઢા આગળ છોકરા ને વાંસે માસ્તર. ધીરે પગલે હાલતો હતો. ગાલે આંસુ પડતાં હતાં. માસ્તર હાથે સોટી હતી. એક એક ધક્કો લાગતો હતો. નિશાળ ભણી જતો હતો.

બારીએ બેસી જોતો હતો:

ત્રીજો છોકરો નીકળ્યો: વાંસે બાપ ચાલતો હતો. ગાળોને વરસાવતો હતો. છોકરો રડતો જતો હતો. નિશાળ ભણી જતો હતો. પાછે પગલે ચાલતો હતો. પાટી દફતર પાડતો હતો. પગમાં ઠેશ લાગતી હતી.

બારીએ બેસી જોતો હતો:

ચોથો છોકરો નીકળ્યો: બીડીનાં ખોખાં વીણતો હતો. હાથ પગ ગંદા હતા. માથે વાળ મેલા હતા. નખ ખૂબ વધ્યા હતા. મોઢે લાળ જતી હતી. કાને મેલ ભર્યો હતો. મોટે પેટે અને હાથે પગે પાતળો હતો.

બારીએ બેસી જોતો હતો:

પાંચમો છોકરો નીકળ્યો. ફાટલ તુટેલ કપડે હતો. ભીખારીને વેશે હતો. પાઇ પાઈ મળતી હતી. ગાળો પણ પડતી હતી. ખોટું ખોટું રડતો હતો. ખોટા બોલ વદતો હતો. ભિક્ષુક થઈ ફરતો હતો.

બારીએ બેસી જોતો હતો:

છઠ્ઠો છોકરો ઉભો હતો. ગાડી પૂંઠે પડતો હતો. પાછળ લટકી રહેતો હતો. ચાબુક ગાળો ખાતો હતો. હસતો પાછો જતો હતો. બીજી ગાડી આવે તેની રાહ જોઇ ઉભો હતો.

બારીએ બેસી જોતો હતો:

સાતમો છોકરો દેખાયો. ભાઇ સાથે લડતો હતો. ટોપી લઈ ને ભાગતો હતો. ખીજાવીને હસતો હતો. સંતાઇને ચીડવતો હતો. ભાગ એનો હેતો નો'તો. ભાઇને એ રડાવતો હતો.

બારીએ બેસી જોતા હતાઃ

આઠમો છોકરો દીઠો. બેઠો નીકળ્યો. નાઠો નીકળ્યો. પાછળ જતો હતો. ચાળા પાડી હસતો હતો. આંધળાની લાકડીને ખેંચી ખેંચી દમતો હતો. અજાણ્યાને ભૂલો પાડી મનમાં હસતો હતો.

બારીએ બેસી જોતા હતાઃ

નવમો છોકરો ઉભો હતો. રેંકડી પાછળ ઉભો હતો. ધ્યાન ચૂકાવી ચોરતો હતો. આઘો પાછો ખસી જઈને ફરી ફરી આવતો હતો.

બારીએ બેસી જોતા હતાઃ

દસમો છોકરો રડતો હતો. સિપાઇ દેખી રડતો હતો. ઘરમાં પેસી જતો હતો. પાછું વાળી જોતો જોતો સિપાઇ દેખી રડતો હતો. બાપા કને જતો હતો.

૧

શાળા જોવા જવાયું : અંતર મારૂં ઘવાયું.

એક નિશાળે જવાયું:

નાની એવી ઓરડી હતી. અજવાળું ને હવા એનું થોડું થોડું કામ હતું. ઘણાં બધાં બાળ હતાં. ઘેટાં બકરાં જાણે પૂર્યાં! ખદબદ થતું હતું. મન મારૂં રડતું હતું.

બીજી નિશાળે જવાયું:

ભોં ઉપર લૂણો હતો. ગાર ઘણી ઉખડી હતી. ધૂળ ધૂળ બધું હતું. છોકરાં એમાં બેઠાં હતાં. કપડાં ધૂળે ભર્યાં હતાં. હાથે પગે ધૂળ હતી. સૌ કાંઈક લખતાં હતાં.

ત્રીજી નિશાળે જવાયું:

મોટી બધી ગડબડ હતી. મોપાટ મે'તા લેવરાવતા હતા. સૌ બાળો બોલતાં હતાં. ઉંચે સાદે બોલતાં હતાં. છાતી ખેંચી બોલતાં હતાં. ઉભાં ઉભાં ડોલતાં હતાં. મે'તા વચ્ચે ફરતા હતા. હાથમાં નેતર સોટી હતી. પાઘડી એની મોટી હતી.

ચોથી નિશાળે જવાયું:

હાથમાં એના સોટી હતી. મોટો એનો ઘાંટો હતો. બે હાર વચ્ચે ફરતો હતો. વિદ્યાર્થીઓ બોલતા

હતા: " બેઠો માળો બાંધવા, ભાળજો કાળો કાગ ! " ધ્રૂજતાં ધ્રૂજતાં બોલતા હતા. વારે વારે ભૂલતા હતા. સોટી વાંસે પડતી હતી.

પાંચમી નિશાળે જવાયું:

શાળા બહાર માસ્તર હતા. ઓરડામાં છોકરા હતા: ધીંગામસ્તી કરતા હતા. અંદર અંદર વઢતા હતા. માસ્તરના ચાળા પાડતા હતા. માસ્તરજી અંદર આવ્યા. મીની જેમ બેસી ગયા. પાઠો કરવા લાગી ગયા.

છઠ્ઠી નિશાળે જવાયું:

પરીક્ષાનો વખત હતો. છોકરા બધા વાંચતાં હતા. શિક્ષક ભાઇ સમજાવતા હતા. બધું ગોખી મારતા હતા. કડ કડ કડ કડ બોલતા હતા. " શાબાશ " માસ્તર કહેતા હતા. સમજવાનું નામ નો'તું. પાસ થવાનું કામ હતું.

સાતમી નિશાળે જવાયું:

મોટા સા'બ આવવાના. ઇનામોને વહેંચવાના. મેળાવડો થવાનો. છોકરી તૈયાર થતી હતી. ગાયન ગીત ગોખતી હતી. મોઢે કરી દેતી હતી. રમતો રમી બતાવતી હતી. ' આમ કરવું ને આમ બોલવું ' ભણતી હતી. સા'બ માટે બધું કામ થતું હતું.

આઠમી નિશાળે જવાયું:

માસ્તર સા'બ ગયા હતા. જજમાનને ત્યાં ભોજન હતું. મોનીટર ભણાવતો હતો. ભણવું કોઇને નો'તું ગમતું. ટોપી પાટી ઉડતાં હતાં. મોનીટર મુંઝાતો હતો. નામો સૌનાં લખતો હતો. ' કહી દઈશ ' એમ કહેતો હતો. મારની બીક દેતો હતો.

નવમી નિશાળે જવાયું:

છોકરા આંક લખતા હતા. કંઈક વહેંચી હતી હતી. પટેલીયા આવ્યા હતા. મુખી સા'બ હાજર હતા. લખણાનું કુટાવું હતું. મે'તાજી કાગળ લખતા હતા. છોકરા આંક લખતા હતા.

દસમી નિશાળે જવાયું:

મે'તાજી ભણાવતા હતા. ઠોઠ માર ખાતા હતા. મોડા ઉઠબેશ કરતા હતા. હુશિયાર નંબર ચડતા હતા. માસ્તર પાઠ લેતા હતા. દાખલાને સમજાવતા હતા. હોંશે કરી કહેતા હતા.

ઘણાં ઘરો જોઈ આવ્યો:
દુ:ખનો બોજો લઈ આવ્યો.

એક ઘરે જઇ ચડયો:

મજુરીએ બાપ હતો. પાણી શેરડે બા હતી. ઘરમાં બાળક રડતું હતું. તલેલાં નાખતું હતું. ઘરને સાંકળ વાશી હતી.

બીજે ઘેર જઈ ચડયો:

માખીઓ બણુબણુતી હતી. બાળક સૂતું રડતું હતું. ઘોડીયામાં હંગ્યું હતું. કચરો પૂંજો પડયો હતો. બા રોટલા કરતી હતી. બાપા બીડી પીતા હતા. બાને ઉલટા વઢતા હતા. બાળક ખૂબ રડતું હતું. એને કોઇ લેતું નો'તું.

ત્રીજે ઘેર જઈ ચડયો:

ખાલી ખાલી ઘર હતું. વાસણ કુસણ, ઘર વખરીમાં મોટું એવું મીંડું હતું. રાંડીરાંડ મા હતી. ત્રણ એનાં બાળક હતાં. પૂરૂં ઘરમાં ખાવા નો'તું. ફાટલ તૂટલ કપડાં હતાં. માંડ માગીને આણ્યું હતું. અંદર અંદર લડતાં હતાં. માની આંખે પાણી હતાં.

ચોથે ઘેર જઈ ચડયો:

બાપ ડોળા તાણુતો હતો. છોકરો પાઠ કરતો હતો. બા વાંક કહેતી હતી. બેનને મે'ણાં દેતી હતી. બેન નીચે જોતી હતી. મનમાં મનમાં રોતી હતી.

પાંચમે ઘેર જઈ ચડયો:

બા બાપા વઢતાં હતાં. છોકરાં સામે જોતાં હતાં. તાણી તાણી બોલતાં હતાં. લાંબા હાથ કરતાં હતાં. એક બીજાને ભાંડતાં હતાં.

છઠ્ઠે ઘેર જઇ ચડયો:

સાસુ વહુ લડતાં હતાં. નણંદ ટાપશી પૂરતાં હતાં. નાનું બાળ રડતું હતું. વહુએ એને માર્યું હતું. સસરાજી ધમકાવતા હતા. પરણ્યો બહાર ગયો હતો.

સાતમે ઘેર જઇ ચડયો:

બાળક માંદું સૂતું હતું. બારી બારણાં બંધ હતાં. હવાપ્રકાશ નામે નો'તાં. ઘરમાં ભૂવો બેઠો હતો. ધૂપધાપ કરતો હતો. ભોળાં માબાપ જોતાં હતાં. બાળક ખૂબ મુંઝાતું હતું. દવાદારૂ શેનાં હોય? માતાજીની ના હતી.

આઠમે ઘેર જઈ ચડયો:

ઘરમાં બધે ચૂપાચાપ. માજી બહાર ગયાં હતાં. પિતા છાપું વાંચતા હતા. બાળક બેઠાં ભણતાં હતાં.

થીજી જઈને બેઠાં હતાં. માસ્તર સા'બથી બીતાં હતાં. પાઠો ઝટપટ ગોખતાં હતાં. માસ્તર બજર સુંઘતા હતા. માથાને ખજવાળતા હતા.

નવમે ઘેર જઇ ચડયોઃ

ડેલીએ જ છોકરાં મળ્યાં. નોકરો પાસે રમતાં હતાં. નોકર ભૂંડું બોલતા હતા. છોકરાં એ સાંભળતાં હતાં. નોકર બીડી પીતા હતા. છોકરાંને બચી લેતા હતા. નોકર બીક બતાવતા હતા. છોકરાં મસ્તી કરતાં નો'તાં.

દસમે ઘેર જઇ ચડયોઃ

ફળીયામાં છોકરાં હતાં. ગંદી ધૂળે રમતાં હતાં. ધોલકી ધોલકી થતી હતી. સંસારબાજી ખેલતાં હતાં. ભૂંડું ભૂંડું કરતાં હતાં. કોઇ એને ટોકતું નો'તું. કોઇને એની પડી નો'તી.